અનુબંધનો ઉત્સવ 'માધવપુર ઘેડ મેળો'રામનવમી ૩૦મીથી આરંભાશે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકે મેળાને લોકપ્રિય-લોકભોગ્ય બનાવવાના નવિન આકર્ષણોના આયોજનને ઓપ આપ્યો

ગાંધીનગર, તા.૧૦

ભારતના ઉત્તર-પૂર્વ પ્રદેશો અને પશ્ચિમ ભારતના ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિના સમન્વયના અનુબંધનો ઉત્સવ માધવપુર ઘેડ મેળો આ વર્ષે રામનવમી, તા.૩૦ મી માર્ચથી તા. ૩ એપ્રિલ સુધી યોજાશે. આ મેળાના ભવ્ય આયોજનને ઓપ આપવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય બેઠક ગાંધીનગરમાં યોજવામાં આવી હતી. ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય, ઉત્તર-પૂર્વીય રાજ્યોના વિકાસ માટેના મંત્રાલય તેમજ ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, પ્રવાસન વિભાગ તથા કુટિર ઉદ્યોગ વિભાગ દ્વારા આ મેળાનું આયોજન થાય છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના 'એક ભારત-શ્રેષ્ઠ ભારત'ના વિચારને સાકાર કરતો આ મેળો ૨૦૧૮ થી રાષ્ટ્રીય કક્ષાના ઉત્સવ તરીકે ઉજવવામાં આવે છે. ભગવાન શ્રીકૃષ્ણના અરૂણાચલ પ્રદેશના ભીષ્મક નગરના રાજા ભીષ્મકની પુત્રી રૂકમણિ સાથે માધવપુરમાં થયેલા વિવાહની શ્રદ્ધા સ્મૃતિમાં આ મેળો યોજાતો હોય છે. ભગવાન શ્રીકૃષ્ણે માધવરાય મંદિરમાં રૂકમણિજી સાથે વિવાહ કરીને દ્વારકા પ્રસ્થાન કર્યુ ત્યાં સુધીનો પાંચ દિવસનો સમગ્ર ઉત્સવ માધવપુરમાં સાંસ્કૃતિક મેળા અને બે પ્રદેશોની સમૃદ્ધ સંસ્કૃતિના સમન્વયના ઉદ્દેશથી સ્થાનિક સમુદાય ઉજવે છે. 'બારાત' થી 'બિદાઇ' સુધીની આ આનંદદાયક અને પવિત્ર લગ્નવિધિને પૂનઃ તાદૃશ્ય કરવા પ્રતિવર્ષ આ મેળામાં હજારો ભક્તો શ્રદ્ધાપૂર્વક જોડાતા હોય છે.

વર્ષ ૨૦૧૮ થી આ મેળાના વ્યાપક ફલક પર આયોજનની વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી શરૂઆત થઇ છે. ૨૦૨૨ના આ માધવપુર-ઘેડ મેળાનો શુભારંભ તત્કાલિન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદજીએ કરાવ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં અને પ્રવાસન મંત્રી મુળુભાઇ બેરાની ઉપસ્થિતીમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકે ૨૦૨૩ના વર્ષમાં આ માધવપુર મેળામાં ''અનેકતામાં એકતા'''ની ભાવના ચરિતાર્થ કરવા વધુ નવા આકર્ષણો જોડવા અંગે ફળદાયી પરામર્શ કર્યો હતો. આ મેળામાં ગુજરાત સહિત ૯ રાજ્યો અરૂણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મિઝોરમ, મેઘાલય, સિક્કીમ, ત્રિપુરા અને નાગાલેન્ડ સહભાગી થવાના છે

સુરતમાં કોરોનાને કારણે એક મહિલાનું મોત નિપજ્યું

સુરત, તા.૧૦

રાજ્યમાં ફરી એકવાર કોરોનાનો કહેર શરુ થઈ ગયો છે.

સુરતમાં કોરોનાને કારણે એક મહિલાનુ મોત નિપજ્યુ છે. આ મહિલાના પરિવારના સભ્યો સહિત ૧૫ વ્યક્તિના રિપોર્ટ નેગેટીવ આવ્યા છે. આ પહેલા પણ મહિલાને કોરોના થયો હતો પણ વેક્સીન ન લીધી હતી. આ તહેવારની ઉજવણી બાદ કોરોનાના દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં એચ૧એન૩ કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે સુરતમાં એચ૧એન૩થી મહિલાનું મોત થયું હોવાની આશંકા લગાવાઈ રહી છે. જો કે મહિલાના રિપોર્ટ ગાંધીનગર ખાતે લેબમાં મોકલવામાં આવ્યો છે અને રિપોર્ટ આવ્યા બાદ જ સાચુ તથ્ય જાણી શકાશે.

અંબાજીના મોહનથાળના પ્રસાદનો મુદ્દો હવે વિધાનસભા ગૃહ સુધી પહોચ્યો

કોંગ્રેસના સભ્યોએ પ્લે કાર્ડ બતાવી વિરોધ કર્યો : વિપક્ષે હિંદુત્વને લઈને પણ સરકાર પર આક્ષેપ કર્યો હતો

અંબાજી, તા.૧૦

અંબાજી મંદિરમા મોહનથાળનો પ્રસાદ બંદ કરવાથી તે નિર્ણયનો વિરોધ થઈ રહ્યો છે. હવે આ અંબાજી પ્રસાદનો મુદ્દો ગૃહમાં ઉઠ્યો છે. વિધાનસભા ગૃહમાં અંબાજીમાં આપવામાં આવતા મોહનથાળનો પ્રસાદ બંધ કરવા માટે વિપક્ષ દ્વારા તેનો વિરોધ કરવામાં આવ્યો હતો. વિરોધ પક્ષે આ મામલે સરકાર પર પણ નિશાન સાધ્યું છે. વિપક્ષે હિંદુત્વને લઈને પણ સરકાર પર આક્ષેપ કર્યો હતો. કોંગ્રેસના સભ્યોએ પ્લે કાર્ડ બતાવીને પોતાનો વિરોધ વ્યક્ત કર્યો છે. વિપક્ષે અંબાજી મંદિરમાં મોહનથાળનો પ્રસાદ બંધ કરવા બદલ સરકાર પર સિધો પ્રહાર કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, આ મામલે વિધાનસભામાં હોબાળો થયો હતો. વિપક્ષે સરકાર પર આક્ષેપ કર્યો કે, હિંદુ ધર્મના નામે સરકાર લોકોની આસ્થા સાથે ખેલી રહી છે. કોંગ્રેસના ધારાસભ્યા અમિત ચાવડા દ્વારા સરકાર પર આક્ષેપો કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે, 'આજે અંબાજીમાં પ્રસાદ બદલામાં આવ્યો છે, કાલે સોમનાથનો બદલશે પછી દ્વારકાનો બદલશે અને પછી બહુચરાજીનો પ્રસાદ બદલશે.' તેમણે જણાવ્યું કે, 'આ મામલે ચર્ચા કરવા માટે પણ અમને રોકવામાં આવ્યા છે.'

ઉલ્લેખનીય છે કે, સુપ્રસિદ્ધ અંબાજી મંદિરમાં છેલ્લા ૭ દિવસથી મોહનથાળનો પ્રસાદ બંધ કરી દેતા ભક્તોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આજે અંબાજી મંદિરમાં મા અંબેને મોહનથાળનો ભોગ લગાવ્યા બાદ ૨૧ ભૂદેવો તે મોહનથાળનો પ્રસાદ લઈને અબોટ પહેરીને પાલનપુર કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા અને નાયબ કલેક્ટરને મોહનથાળનો પ્રસાદ આપીને અંબાજી મંદિરમાં ફરીથી મોહનથાળનો પ્રસાદ શરૂ કરવાની માંગ કરી હતી અને ચીમકી ઉચ્ચારી હતી કે જો તેમની માંગ નહિ સ્વીકારાય તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

રાજકોટ: ધૂળેટીના દિવસે ન્હાવા પડેલા ૫ તરુણના મોત

રાજકોટ, તા.૧૦

ધૂળેટીના તહેવાર પર સૌરાષ્ટ્રમાં કેનાલ તેમજ ડેમમાં ન્હાવા પડેલા ૫ જેટલા તરુણો ડૂબી ગયાના બનાવો સામે આવ્યા છે. જ્યારે કે ધૂળેટીના આગલા દિવસે હર્ષદ દરિયા કિનારામાં ન્હાવા પડેલા પટેલકા ગામનો યુવાન ડૂબી ગયો હોવાની વિગતો સામે આવી છે. ધુળેટીના દિવસે પોતાના મિત્રો સાથે આજી ડેમમાં ન્હાવા પડેલા ૧૮ વર્ષીય ધવલ સુરેશભાઈ ભટ્ટ નામના યુવાનનું ડૂબી જવાના કારણે મોત નિપજ્યું હોવાનું સામે આવ્યું હતું. સમગ્ર ઘટનાની જાણ ૧૦૮ને કરવામાં આવતા તાત્કાલિક અસરથી ૧૦૮ની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. જોકે, ૧૦૮ની ટીમ દ્વારા ધવલ ભટ્ટને મૃત જાહેર કરવામાં આવતા આજીડેમ પોલીસને સમગ્ર બાબતની જાણ કરવામાં આવી હતી. જેના કારણે મૃતકની લાશને પીએમ અર્થે પીએમ રૂમ ખાતે ખસેડવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, મૃતકના પિતા મજૂરી કામ કરે છે. તેમજ તે ત્રણ ભાઈ અને એક બહેનમાં નાનો હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. ધવલ ભટ્ટ રાજકોટ શહેરના આજીડેમ પાસે આવેલા માંડાડુંગર નજીક ગોકુલ નગરમાં રહેતો હોવાનું પણ સામે આવ્યું છે. ધુળેટી રમ્યા બાદ મિત્ર અક્ષય આહીર તેમજ ભગીરથ સહિતનાઓ સાથે તે ન્હાવા ગયો હતો. જ્યારે કે, બોટાદની અશોક વાટિકામાં રહેતા ચાર જેટલા તરુણો સેથણી ગામ નજીક આવેલી કેનાલમાં ન્હાવા પડ્યા હતા. જ્યાં કેનાલમાં ન્હાવા પડેલા ચાર તરુણ મિત્રો ડૂબી જતા ફાયર વિભાગ દ્વારા તેમની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. ઘટનાની જાણ થતા બોટાદ મામલતદાર, ફાયર વિભાગ તેમજ પોલીસની ટીમ પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી. જ્યારે શોધખોળ દરમિયાન ચારે મિત્રોના મૃતદેહ મળી આવ્યા હતા. ધ્રુવાંશ પ્રજાપતિ ઉંમર વર્ષ ૧૫, લક્ષ્ય બોરીચા ઉંમર વર્ષ ૧૫, ધ્રુવ સોયા ઉંમર વર્ષ ૧૭ અને વિજય ચાવડા ઉંમર વર્ષ ૧૬નો સમાવેશ થાય છે.

અમદાવાદીઓને મળશે ટ્રાફિક જામમાંથી મુક્તિ

અમિત શાહના હસ્તે સનાથલ બ્રિજનું વર્ચ્યુઅલી લોકાર્પણ

અમદાવાદને આપી ૧૫૦ કરોડથી વધુના વિકાસ કાર્યોની ભેટ : ૫ સ્માર્ટ સ્કૂલ, ૨ સિનિયર સિટીજન પાર્કનું પણ લોકાર્પણ

અમદાવાદ, તા.૧૦

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે અમદાવાદીઓને મોટી ભેટ આપી છે. અમિત શાહના હસ્તે અમદાવાદના રિંગ રોડ પર બનાવાયેલ સનાથલ બ્રિજનું વર્ચ્યુઅલી લોકાર્પણ કરવામાં આવ્યું છે. અમદાવાદના સનાથલ એસપી રિંગ રોડ પર બનેલા આ બ્રિજને આજે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. શહેરના લોકો માટે બ્રિજ ખુલ્લો મૂકવામાં આવતા હવે અમદાવાદના વાહનચાલકોને ટ્રાફિકની સમસ્યામાંથી છૂટકારો મળશે. ૯૭ કરોડ રૂપિયાના ખર્ચે સનાથલ-જીંગ રિંગ રોડ પરનો બ્રિજ તૈયાર કરાયો છે.

આ સાથે જ અમદાવાદમાં ૧૫૪ કરોડના ખર્ચે અનેક વિકાસના કામોનું ગૃહમંત્રી અમિત શાહના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે તમામ પ્રોજેક્ટનું વર્ચ્યુઅલી લોકાર્પણ કરાયું છે. જેમાં ૯૭ કરોડ ખર્ચે સનાથલ એસપી રિંગ રોડ પરનો બ્રિજ તૈયાર કરવામાં આવેલો બ્રિજ પણ સામેલ છે. આ બ્રિજ લોકો માટે ખુલ્લો મૂકાતા વાહન ચાલકોને ટ્રાફિકની સમસ્યામાંથી મુક્તિ મળશે.

વિવિધ કાર્યોનું લોકાર્પણ કરતા અમિત શાહે જણાવ્યું કે, હું ક્ષ્ઝ , ઔડા અને રાજ્ય સરકારને મારા મત વિસ્તારમાં વિકાસ કામો ભેટ આપવા બદલ અભિનંદન આપું છું. ૧૫૪ કરોડના ખર્ચે વિકાસ કાર્યોનું લોકાપર્ણ થઈ રહ્યું છે. સૌથી મહત્વનો એવો સનાથલ ફ્લાયઓવર છે. હું ધારાસભ્ય હતો ત્યારથી તેની માંગણી થતી હતી, આજે સાંસદ તરીકે તેની શરૂઆત કરતા આનંદ થઈ રહ્યો છે. આ કામ માટે સાણંદના ધારાસભ્ય મારી પાછળ પડી ગયા હતા. શેલા વિસ્તારમાં થઈ રહેલા રહેણાંક બાંધકામને જોતા ત્યાં ડ્રેનેજ લાઈનનું મહત્વનું કામ કરાયું છે. આવાસો મેળવનાર સૌને હું અભિનંદન આપું છું. સ્માર્ટ સ્કૂલ થકી બાળકો દરેક બાબતમાં આગળ વધી શકશે. સ્માર્ટ સ્કૂલ એ ફક્ત કન્સેપ્ટ નથી, પણ બાળકના જીવનમાં પરિવર્તન લાવનાર માધ્યમ છે. આ શાળાઓમાં ભણનાર તમામ બાળકોના માતાપિતાને અભિનંદન આપું છું.

વાયરલ ઈન્ફેક્શનના કેસમાં વધારો થયો

અમદાવાદ શહેરમાં ઘરે-ઘરે શરદી-ઉધરસના વધતા કેસો

વાયરલ ઈન્ફેક્શન સામે શરીર લડી શકે છે આવામાં બીજા ઈન્ફેક્શન ના લાગે તો જ એન્ટી-બાયોટિક આપવાની જરુર રહેતી હોય છે

અમદાવાદ, તા.૧૦

એક તરફ ડબલ ઋતુનો માર છે તો બીજી તરફ વાયરલ ઈન્ફેક્શનના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલ સહિતની જગ્યાઓ પર વાયરલ ઈન્ફેક્શનના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. રોજના સરેરાશ ૩૫૦૦ કરતા વધુ દર્દીઓ સારવાર લેવા માટે સિવિલ હોસ્પિટલમાં આવી રહ્યા છે. વાયરલ ઈન્ફેક્શનમાં તકેદારી રાખવાની સલાહ ડૉક્ટર દ્વારા આપવામાં આવી રહી છે. શરદી-ઉધરસના કેસોમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. અસારવા સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષી આ અંગે વાત કરતા જણાવે છે કે, રોજના સિવિલ હોસ્પિટલમાં સરેરાશ ૩૮૦૦ કેસોની ઓપીડી હોય છે એટલે ૧૦ દિવસના આંકડા ગણીએ તો ૩૮૦૦૦થી ઉપર જાય છે. શનિવાર-રવિવારના સરેરાશ કેસો ૩૪૦૦-૩૫૦૦ હોય છે. જેમાં ખાસ કરીને વાયરલ ઈન્ફેક્શનના કેસોની સંખ્યા વધુ હોય છે. હાલની ઋતુ પ્રમાણે સમાન્ય રીતે તાવ અને શરદી-ખાંસીના કેસો હોય છે. આવામાં ડૉ. રાકેશ જોષી જણાવે છે કે, હાલની સ્થિતિ પ્રમાણે એચ૧એન૧, કોવિડ અને વાયરલ ઈન્ફેક્શન ત્રણેના લક્ષણો એક સરખા લાગે છે. પરંતુ આવામાં શરદી-ખાંસી થોડો લાંબો સમય ચાલતી હોય છે. જેની શરુઆત હાઈગ્રેડ ફીવરથી થતી હોય છે. આવા કિસ્સામાં એન્ટી બાયોટિક આપવાની જરુર રહેતી નથી. વાયરલ ઈન્ફેક્શન સામે શરીર લડી શકે છે આવામાં બીજા ઈન્ફેક્શન ના લાગે તો જ એન્ટી-બાયોટિક આપવાની જરુર રહેતી હોય છે. ઘરમાં એક વ્યક્તિને વાયરલ ઈન્ફેક્શન હોય તો બાકીના સભ્યોએ તથા જે વ્યક્તિ બીમાર છે તેમણે સાવચેતી રાખવાની જરુર છે જેથી કરીને અન્યને તેનો ચેપ લાગે નહીં. હાલ બેવડી ઋતુ ચાલી રહી છે, બપોરે ગરમી અને રાતના સમયે ઠંડું વાતાવરણ થવાથી તેની અસર બાળકો અને વૃદ્ધો પર વધુ જોવા મળે છે. રાજ્યના હવામાન વિભાગ દ્વારા હીટવેવની સાથે માવઠાની આગાહી કરવામાં આવી છે. હોળીના તહેવાર દરમિયાન પણ રાજ્યના હવામાનમાં પલટો આવ્યો હતો.

ઘુમા અમદાવાદ કોર્પોરેશનમાં આવતું નથી : ફાયર વિભાગ

અમદાવાદ ફાયર વિભાગે આગ સામે કાર્યવાહી કરવા માગ્યો ચાર્જ

અઢી વર્ષ પહેલાં જ બોપલ અને ઘુમાને કોર્પોરેશનમાં મર્જ કરવામાં આવ્યું છે, જ્યારે ફાયર વિભાગનું કહેવું છે કે, ઘુમા કોર્પોરેશનમાં આવતું નથી

અમદાવાદ, તા.૧૦

ઘુમા-બોપલ નગરપાલિકાને કોર્પોરેશનની હદમાં સમાવેશ થયે લગભગ ત્રણ વર્ષ થઈ ગયા છે. પરંતુ અમદાવાદ ફાયર વિભાગને મેમો મળ્યો ન હોય એવું લાગે છે. જ્યારે ઘુમાના રાજેન્દ્ર નાગરચીએ ગુરુવારે વારે ૪.૩૭ વાગે એસઓએસ કોલ રજીસ્ટર કરવા માટે ૧૦૧ ડાયલ કર્યો તો તેઓ એ વાત સાંભળીને ચોંકી ગયા કે ઘુમા એએમસીના અધિકારક્ષેત્રમાં આવતું નહોતું. આની સેવા માટે તેમની પાસેથી ચાર્જ વસૂલવામાં આવશે. તેમની દલીલો પછી અધિકારીઓએ મર્જર સ્વીકારવાનો ઈનકાર કરી દીધો. સ્થિતિની નિર્થકતાને સમજીને નાગરચીએ ફોન બંધ કરી દીધો હતો અને લક્ષ્મીચંદ એવન્યૂમાં પોતાના પાડોશીનાં ઘરમાં લાગેલી આગ પર કાબૂ મેળવવા માટે અન્ય લોકો એકઠાં થયા હતા. જો કે, એકત્ર થયેલાં લોકો વૃદ્ધ દંપતીનો જીવ બચાવવા માટે સફળ રહ્યા હતા, પરંતુ લોકોએ વાત સાંભળીને ચોંકી ગયા કે ઈમરજન્સી સેવાએ ઘુમા આવવા માટે ફીની માગ કરી હતી. સ્થાનિકોએ જણાવ્યું કે, અમે તાજેતરમાં જ અમારો ટેક્સ ચૂકવ્યો છે. શું તેનું કોઈ મૂલ્ય નથી. તેઓ કેમ જાણતા નતી કે ઘુમા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો ભાગ છે. ૪૯ વર્ષીય નાગરચીએ અમારા સહયોગી ટાઈમ્સ ઓફ ઈન્ડિયાને જણાવ્યું કે, મદદ માટે બૂમો સાંભળ્યા પછી હું ઊંઘમાંથી ઉઠી ગયો હતો. બીજા માળે આવેલાં શંકર પટેલના ઘરે આગ લાગી હતી. તેમનો દીકરો દિલીપ અમારી સામેના ફ્લેટમાં રહે છે. મેં ફાયર હેલ્પલાઈન ડાયલ કરી હતી. તેઓએ કહ્યું કે, સેવા માટે અમારી પાસે ચાર્જ લેવામાં આવશે, કારણ કે ઘુમા એએમસીની મર્યાદામાં નથી. જ્યારે લોકો જીવન માટે સંઘર્ષ કરી રહ્યા હોય ત્યારે એએફઈએ સેવા ચાર્જીસ માટે ચર્ચા કેવી રીતે કરી શકે. ૩૭ વર્ષીય દિલીપ કહે છે કે, મારા માતા-પિતા વરિષ્ઠ નાગરીક છે. અમારા પાડોશીઓમાંના એકે જોયું કે મારા માતા-પિતના ફ્લેટમાંથી ધુમાડો નીકળી રહ્યો છે. તેઓએ અલાર્મ વગાડ્યુ. આગ પર કાબૂ મેળવવા માટે સોસયાટીના ફાયર સાધનોનો ઉપયોગ કર્યો. બોપલ અને ઘુમાની નગરપાલિકાને ૨૦૨૦માં ચાર વોર્ડો જોધપુર, થલતેજ, બોડકદેવ અને સરખેજમાં મર્જ કરવામાં આવી હતી. બોપલ ઘુમામાં એક નવું ફાયર સ્ટેશન પણ કાર્યરત કરવામાં આવી રહ્યું છે. છસ્ઝ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હિતેષ બારોટે જણાવ્યું કે, એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે છહ્લઈજીએ ઘુમામાં આગ સામે લડવા માટે સર્વિસ ચાર્જ માગ્યો હતો.

જામીન અરજી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાલના સમયમાં યુવતિઓને લલચાવી ફોસલાવી બળાત્કાર કરવાના ધર્મ પરિવર્તન કરવાના ગુન્હાઓ સમાજમાં વધ્યા છે. ફરિયાદીને ડરાવી ધમકાવી શારિરીક શોષણ કરીને બળજબરીથી ધર્મ પરિવર્તન કરવામાં આવ્યુ છે. તપાસ અને રીમાન્ડ દરમિયાન આરોપી વિરુધ્ધના પુરવાઓ તપાસ અધિકારીઓ દ્વારા મેળવવામાં આવ્યા છે. ઓરોપીનો ગુન્હો કરવામાં મુખ્ય રોલ છે. જયારે આરેપી જનુની સ્વભાવના અને ઉંચી વગવાળા વ્યકિત છે. પોતાની પાસે રીવોલ્વર રાખે છે. પુરાવા સાથે ચેડા થવાની સાથે સાક્ષીઓના જીવ સામે પણ જોખમ છે. તપાસ હજુ પ્રાથમિક અને નાજુક તબક્કામાં છે. મુખ્ય આરોપીને જામીન પર છોડવામાં આવે તો સમાજ પર ઘેરી અસર થાય તેમ છે. જયારે ગુન્હો કરવા માટે પણ છુટો દોર મળે તેમ છે. સ્વતંત્રતાનો પણ દુર ઉપયોગ ન થાય તેમજ ટ્રાયલ દરમિયાન આરોપીની હાજરી સહેલાઈથી મળી આવે તેમ ન હોવાથી સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટના ચુકાદાઓ ટાંકીને આવા ગંભીર ગુન્હામાં જામીન નહીં આપવાના પ્રસ્થાપિત કરવામાં આવેલા સિધ્ધાંતોને ધ્યાને લઇ સમાજમાં દાખલો બેસાડવા આરોપીની વચગાળાની જામીન અરજી ગ્રાહ્ય ન રાખવા દલીલો કરી હતી. ગાંધીનગરની બીજા એડીશ્નલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા જજ એસ ડી મહેતાએ આરોપી ઈસ્માલખાન બાદરખાન મલેકની વચગાળાની જામીન અરજી રદ કરવાનો આદેશ કર્યો છે.

આવક મેળવી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે ગુડાની રાયસણ, સરગાસણ, ચિલોડા અને અડાલજ સ્થિત આવાસ યોજનાને અનુલક્ષી નિર્માણ કરાયેલી દુકાનો પણ લાંબા સમયથી વેચાણ વિના જ બિન ઉપયોગી પડી રહી છે. જયારે આ દુકાનોને હરાજી કરી વેચાણ આપીને પણ આવક ઉભી કરવામાં આવી રહી છે. ગુડાએ અડાલજ અને રાયસણમાં કુલ બે દુકાનોની હરાજી કરવા માટે પ્રક્રીયા હાથ ધરી હતી. જેમાં ટી પી નં -૧૦ અડાલજમાં પ્લોટ નં ૧૩૩ માં દુકાન નં -૫૨ માટે પણ હરાજી ની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી જેના અંતે રૂ ૧૩,૬૨,૫૦૦ ની કીંમતમાં આ દુકાન વેચાણ આપી દેવામાં આવી છે. જયારે ટી પી -૧૯ રાયસણમાં પ્લોટ નં -૩૬૮ માં રૂ ૨૦,૫૫,૦૦૦ ની સૌથી વધુ બોલી ના અંતે આ દુકાન પણ ગુડાએ વેચાણથી આપી દીધી છે. ગુડાએ આ બે દુકાનોની હરાજીના અંતે કુલ ૩૪.૧૭ લાખની આવક કરી છે.

ગુડા દ્વારા તબક્કાવાર દુકાનોની હરાજી કરવામાં આવી રહી છે. દુકાનોની હરાજી માટે ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળને મળતી અરજીઓના અનુસંધાને હરાજીનુ આયોજન કરવામાં આવે છે. અડાલજમાં પણ કુલ ૭૮ દુકાનો છે. જયારે આ પૈકી અત્યાર સુધી ૩૦ દુકાનો હરાજી કરીને આપી દેવામાં આવી છે. જયારે ૪૮ દુકાનોની વેચાણ હરાજીની પ્રક્રીયા બાકી છે. જો કે ગુડાની આ દુકાનો સંદર્ભે નીચેની દુકાનો માટે અરજદારો રસ દાખવે છે. પ્રથમ અને બીજા માળે સ્થિત દુકાનો સંદર્ભે હજુ પણ અરજદારો નિરસતા સેવી રહ્યા છે. જયારે જે પોકેટમાં વિકાસ પ્રમાણમાં ઓછો થયો હોય તેવા વિસ્તારમાં પણ દુકાનો ખરીદવા માટે અરજદારો ખાસ ઉત્સાહ દાખવતા ન હોવાનુ પણ ચિત્ર સ્પષ્ટ થયુ છે.

સાહિત્યકાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાદંબરીની મા, અતીત રાગ વગેરે તેમની નોંધપાત્ર નવલકથાઓ છે. વાંસનો અંકુર, એક ભલો માણસ, આંધળી ગલી, આગન્તુક વગેરે તેમની લઘુનવલો છે. આ ઉપરાંત અનેક નાટક અને એકાંકી પણ તેમણે લખ્યાં છે. બાળ સાહિત્યક્ષેત્રે તેમનુ પ્રદાન ખૂબ મોટુ રહ્યુ છે. તેમની કૃતિ પરથી કેતન મહેતાની સુપ્રસિદ્ધ ફિલ્મ 'ભવની ભવાઈ' બની છે. તો 'મિશન મમ્મી' અને 'હારૂણ-અરૂણ' તેમની બાળકથાના આધારે બની છે. ૧૯૮૦માં તેઓને રણજિતરામ સુવર્ણચંદ્રક, ૧૯૮૧માં મુન્શી સુવર્ણ ચંદ્રક અને ૧૯૯૬માં નંદશંકર સુવર્ણ ચંદ્રક અને દર્શક પુરસ્કાર મળ્યા હતા. તેમની નવલકથા આગન્તુક માટે ૨૦૦૧માં સાહિત્ય અકાદમીનો ગુજરાતી ભાષા માટેનો પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. દિલ્હી સાહિત્ય અકાદમી તરફથી બાલ સાહિત્ય પુરસ્કાર અને કાવ્યમુદ્રા એવોર્ડ પણ તેઓને પ્રાપ્ત થયા હતા.

બે નાં મોત

● અનુસંધાન પહેલાનું ચાલુ

દેખાય છે, તો ડૉક્ટરનો સંપર્ક કરો. આ સિવાય જો તમે તેની પકડમાં આવો તો બને તેટલો આરામ કરો. પાણી પીતા રહો શરીરને હાઈડ્રેટ રાખવું ખૂબ જ જરૂરી છે. બહારનો ખોરાક બિલકુલ ન ખાવો અને પ્રવાહી ખોરાક લો. તેનાથી તમને જલ્દી રાહત મળશે. આને અવગણવા માટે, તમારે ફ્લૂની રસી લેવી જોઈએ, સાથે જ તેનાથી સંક્રમિત લોકોથી અંતર રાખવું જોઈએ. તમારા હાથને સ્વચ્છ રાખો અને સામાજિક અંતરનું પાલન કરો.

ઇંધણની માંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

નોંધાઈ છે. આ મામલે એક લીડ ફૂડ એનાલિસ્ટનું કહેવું છે કે ફેબ્રુઆરીમાં આ માગ વધી છે અને હજુ પણ દેશમાં વપરાશ વધી રહ્યો છે. એવામાં તેની માગ હજુ વધવાની શક્યતા છે. અહેવાલ અનુસાર ફેબ્રુઆરીમાં ગેસોલીન કે પેટ્રોલનું વેચાણ વાર્ષિક આધારે ૮.૯ ટકા વધીને ૨.૮ મિલિયન ટન થઈ ગયું છે. જોકે ડીઝલનો વપરાશ ૭.૫ ટકા વધીને ૬.૯૮ મિલિયન ટન થઈ ગયો છે. જ્યારે જેટ ઈંધણનું વેચાણ ૪૩ ટકાથી વધુ વધીને ૦.૬૨ મિલિયન ટન થઈ ગયું છે. જેટ ફ્યુઅલની કિંમતમાં આ રેકોર્ડ વધારો છે. જ્યારે ઈંધણ વેચાણના આંકડાથી જાણ થાય છે કે ગેસોલીન અને ડીઝલની કુલ માત્રા જાન્યુઆરીની તુલનાએ ફેબ્રુઆરીમાં ગગડી છે અને ડેલી વપરાશ વધ્યો છે. બીજી બાજુ રાંધણ ગેસ કે લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ(એલપીજી)નું વેચાણ ૦.૧ ટકા ગગડી ૨.૩૯ મિલિયન ટન રહ્યું છે.

કડાકો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુડ્સ શેરોમાં ભારે વેચવાલી, નબળા એશિયન બજારો અને યુએસ માર્કેટમાં રાતોરાત ખોટને કારણે બેન્ચમાર્ક સૂચકાંકો પર ભાર મૂક્યો હતો. જિયોજિત ફાઈનાન્સિયલ સર્વિસિસના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વીકે વિજયકુમારે જણાવ્યું હતું કે યુએસમાં વેચવાલી વધી છે. એસવીબી ફાઈનાન્શિયલ્સમાં ૬૦ ટકાના ઘટાડાથી બજારો શરૂ થયા હતા. આ બેંક મુખ્યત્વે સ્ટાર્ટઅપ્સને ફંડ આપે છે.

પડતા મોત

● અનુસંધાન પહેલાનું ચાલુ

ફરિયાદ આપવામાં આવી નથી. રિતેશ અગ્રવાલે ૩ દિવસ પહેલા ૨૯ વર્ષીય ગીતાંશા સૂદ સાથે લગ્ન કર્યા છે. દિલ્હીના તાજ પેલેસમાં આયોજિત લગ્નમાં કોર્પોરેટ જગતના અનેક દિગ્ગજો પહોંચ્યા અને નવદંપતીને આશીર્વાદ આપ્યા હતા. આ દરમિયાન રિતેશ અગ્રવાલ અને તેની પત્ની સોફ્ટબેંકના ચેરમેન માસાયોશી સોનના પગ સ્પર્શ કરતા જોવા મળ્યા હતા. આ તસવીર પણ સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ હતી.

ઇડીના દરોડા

● અનુસંધાન પહેલાનું ચાલુ

દિલ્હીમાં મીસા ભારતીના ઘરે પહોંચી હતી જ્યાં સીબીઆઈએ લાલુ યાદવની કલાકો સુધી પૂછપરછ કરી હતી. લાલુ યાદવ હાલ દિલ્હીમાં મીસા ભારતીના ઘરે રોકાયા છે. લાલુ યાદવની ત્રણ દીકરીઓને ત્યાં આ રેડ પડી છે. જેમાં હેમા, રાગિની અને ચંદાનો સમાવેશ થાય છે. અહીં હાલ ઈડીની ટીમ હાજર છે. સૂત્રોના અહેવાલ અનુસાર બિહારના ઉપમુખ્યમંત્રી અને લાલુ યાદવના દીકરા તેજસ્વી યાદવના દિલ્હીના નિવાસે પણ ઈડીના દરોડા પડ્યા છે. આ મામલો લાલુ પ્રસાદના ૨૦૦૪ થી ૨૦૦૯ વચ્ચે રેલવેમંત્રી રહેવા દરમિયાન પરિવારને ભેટમાં જમીનો આપી કે જમીન વેચવાના બદલામાં રેલવેમાં કથિતરૂપે ગ્રૂપ ડીની નોકરી આપવા સંબંધિત છે. એફઆઈઆરમાં આરોપ છે કે અમુક લોકોને મુંબઈ, જબલપુર, કોલકાતા, જયપુર અને હાજીપુરમાં રેલવેના વિવિધ વિભાગોમાં ૨૦૦૪-૨૦૦૯ દરમિયાન ગ્રૂપ ડીના પદો પર નિમણૂક અપાઈ હતી. તેના બદલામાં એ લોકોએ કે તેમના પરિવારના સભ્યોએ લાલુ યાદવ અને એ.કે.ઈન્ફોસિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપનીના નામે જમીનો આપી હતી. પછીથી આ કંપનીની માલિકી લાલુના પરિવારના સભ્યોએ હાથમાં લઈ લીધી હતી.

મનિષ સિસોદિયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખાનગી લોકોને આપવામાં આવ